# ઈટાલીના ચશ્માથી રાહુલને વિકાસ દેખાશે જ નહીં : શાહ

## પોરબંદરમાં અમિત શાહના કોંગ્રેસ પર પ્રહારો : અમે તો ત્રણ વર્ષના કામનો હિસાબ આપીશું પરંતુ રાહુલ ગાંધી ત્રણ પેઢીનો હિસાબ આપી શકશે : શાહનો પ્રશ્ન

અમદાવાદ,તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને વધારે સમય રહ્યો નથી ત્યારે ભાજપ અને કોંગ્રેસે આક્રમક ચૂંટણી પ્રચારની તૈયારી કરી લીધી છે. આજે ગાંધી જયંતિના પ્રસંગે અમિત શાહે પોરબંદરમાં ગુજરાત ગૌરવ યાત્રા દરમિયાન કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા.

રાહુલ ગાંધીએ સૌરાષ્ટ્રમાં રોડ શો યોજ્યા બાદ અમિત શાહ પોરબંદર પહોંચ્યા હતા. અમતિ શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બરમાં યોજી શકાય છે તેવી વાત કરી હતી. રાહુલ ઉપર પણ પ્રહાર કર્યા હતા. ચૂંટણી પંચે હજુ સુધી ચૂંટણીની તારીખ જાહેર કરી નથી પરંતુ અમિત શાહે પોરબંદરમાં એક સભા સંબોધતા આજે ચૂંટણી લગભગ ડિસેમ્બરમાં થશે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. શાહે કહ્યું કે, ચૂંટણી પંચ ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ગુજરાતની મુલાકાતે આવી શકે છે.

ગુજરાત વિધાનસભાનો કાર્યકાળ ૨૨ જાન્યુઆરી, ૨૦૧૮ સુધીનો છે અને આ પહેલા પ્રદેશમાં નવી સરકારની રચના જરૂરી છે. ગત વખતે ચૂંટણી બે તબક્કામાં ૧૩ અને ૧૭ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ થઈ હતી.રાહુલ ગાંધીએ ઈટાલીના ચશ્મા નહીં પરંતુ ગુજરાતી ચશ્મા પહેરવા જોઈએ ત્યારે જ તેઓને અહીંનો વિકાસ જોવા મળશે. અમિત શાહે રાહુલ ગાંધી પર વધુ પ્રહાર કરતાં કહ્યું કે, જો રાહુલને ગુજરાતના સપનાં આવે છે તો તેઓએ ઈટાલી નહીં પોરબંદર આવવું પડશે. અમે તો ત્રણ વર્ષના કામનો હિસાબ આપીશું પરંતુ શું રાહુલ ગાંધી પોતાની ત્રણ પેઢીનો હિસાબ આપી શકશે.

મોદી વગર ચૂંટણી જીતવા માટે ભાજપ ગુજરાત ગૌરવ યાત્રા વગરનો પ્રારંભ કર્યો છે. રવિવારે અમિત શાહે સરદાર પટેલના ગામ કરમસદ પહોંચી ગૌરવ યાત્રાને લીલી ઝંડી દેખાડી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારનું રણશિંગૂ ફુંકતા અમિત શાહે ગૌરવ યાત્રાની શરૂઆત કરાવી હતી. કરમસદથી ગઈકાલે આ યાત્રા શરૂ થઈ હતી. રાહુલ ગાંધીની સૌરાષ્ટ્ર યાત્રાની અસરને ઘટાડવા માટેનું આ આયોજન થયું છે.

પટેલ સમુદાયના લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ પણ કરાઈ રહ્યા છે. ગુજરાતમાં આ વર્ષના અંત સુધીમાં અથવા તો નવા વર્ષની શરૂઆતમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠક છે. ભાજપ પાસે ૧૧૮ ધારાસભ્યો છે. પહેલી મે ૧૯૬૦ના દિવસે ગુજરાતની રચના કરવામાં આવ્યા બાદ છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર છે. આશરે ૧૫ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહી ચુકેલા નરેન્દ્ર મોદીને આ રાજ્યના વિકાસ મોડલના નામ ઉપર જ મત મળ્યા હતા. તેમના વડાપ્રધાન બન્યા બાદથી ગુજરાતના બે લોકો આનંદીબેન પટેલ અને વિજય રૂપાણી મુખ્યમંત્રી રહ્યા છે જેથી ગુજરાતને પણ મોદી જેવા જ સશક્ત મુખ્યમંત્રીની જરૂર હોવાની વાત થઈ રહી છે.




## પાલનપુરમાં આશા વર્કરોની ભૂખ હડતાલનો પાંચમો દિવસ

સમાન કામ અને સમાન વેતન ની માંગ સાથે બનાસકાંઠાની આશા વર્કરોએ પણ સરકાર સામે બાંયો ચડાવી છે. ત્યારે ભૂખ હડતાલના પાંચમા દિવસે પણ સરકાર યા તંત્રએ દરકાર ન લેતા રોષે ભરાયેલી આશાવર્કરોએ સમય આવ્યે સત્તા પલ્ટી નાખવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. પાલનપુર કલેકટર કચેરી આગળ આશા વર્કર બહેનો પોતાની પડતર માગણીઓને લઈને આંદોલન ચલાવી રહી છે. જોકે, અચોક્કસ મુદતની ભૂખ હડતાલ નો આજે પાંચમો દિવસ હતો. જોકે, ૫-૫ દિવસ વીતવા છતાં સરકાર કે તંત્ર દ્વારા આશા વર્કરો ની દરકાર ન લેવાતા લાલઘૂમ થયેલી આશા વર્કરોએ આગામી ચૂંટણીમા સરકાર પલટવાની ચીમકી ઉચ્ચારી હતી.

# પોરબંદર ખાતે કીર્તિ મંદિરમાં સર્વધર્મ પ્રાર્થના યોજાઈ

અમદાવાદ, તા. ૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૯મી જન્મજયંતિ નિમિત્તે તેમના પોરબંદર સ્થિત જન્મ સ્થળ કીર્તિ મંદિર ખાતે યોજાયેલી સર્વધર્મ પ્રાર્થનામાં રાજયપાલશ્રી ઓ.પી. કોહલી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપ પ્રમુખ અમીતભાઈ શાહ સહપ્રાર્થી તરીકે જોડાયા હતા અને પૂ. બાપુને સ્મરણાંજલી આપી હતી.

પ્રથમ મહાનુભાવોએ પૂ. બાપુનો જયાં જન્મ થયો હતો, તે કક્ષની મુલાકાત લીધી હતી. બાદમાં મહાત્મા ગાંધી અને કસ્તુરબાના આદમકદના તૈલચિત્રને પુષ્પો અર્પણ કર્યા હતા. અહીં પ્રતિ વર્ષ બીજી ઓકટોબરે યોજાતી સર્વધર્મ પ્રાર્થનામાં આ મહાનુભાવો જોડાયા હતા.

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતુ કે ગાંધીજીને ગયા તેને ૭૦ વર્ષ થયા હોવા છતા તેમના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. તેઓ વ્યકિત નહી પણ વિચાર હતા. આજના હિંસા અને કુલષિત વાતાવરણમાં તેમના વિચારો સર્વાધિક પ્રસ્તુત છે. આતંકવાદ જેવી સમસ્યા સામે અહિંસા પણ શસ્ત્ર છે.



કોહલીએ જણાવ્યું કે ગાંધીજીએ કહેવાની સાથે તેનું આચરણ પણ કર્યુ છે. તેમની નૈતિકતાના સિધ્ધાંતો અંગત અને સાર્વજનિક જીવનમાં અમલ કરવા જોઈએ. શ્રી કોહલીએ ગાંધીજીને સ્વચ્છતા થકી શ્રધ્ધાંજલી એ જ સાચી શ્રધ્ધાંજલી ગણાશે તેવું ભારપૂર્વક જણાવ્યુ હતું.




ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિના દ્વારા ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમ ાટે યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થાય અને ગુજરાતનું નવસર્જન થાય. વિશ્વ વિભૂતિ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલિ અર્પવાનો ઉમદા કાર્યક્રમ સાથે કાર્યકરોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌપ્રથમ દીપપ્રાગટ્ય દ્વારા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસ આગેવાનોમાં સિદ્ધાર્થભાઈ પટેલ, ડૉ. કરશનભાઈ સોનેરી, જગદીશભાઈ ઠાકોર, ડૉ. હિમાંશુ પટેલ, સી. જે. ચાવડા, દિનેશ પરમાર, જશુભા રાણા, રામાજી ઠાકોર, લાલભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, યાકુબભાઈ મનસુરી સહિત મહાનુભાવોએ કાર્યકરોને ચૂંટણીકાર્યમાં સંગઠિત બની ખભેખભા મિલાવી કામે લાગી જવા આહ્વાન કર્યું હતું.

# અમદાવાદમાં આપ દ્વારા રોડ શો યોજાયો : પ્રચારનો પ્રારંભ

## આપના રોડ શો વેળા એક કાર્યકર્તાની કારમાં આગ લાગતાં થોડીવાર માટે દોડધામ મચી : લોકોને જાગૃત પણ કરાયા

અમદાવાદ,તા. ૨

આમ આદમી પાર્ટી દ્વારા આજે તા.૨જી ઓકટોબરના રોજ ગાંધી જયંતિના શુભ દિવસથી ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓને લઈને પોતાના પક્ષના પ્રચારનો શહેરમાં એક વિશાળ રોડ શો યોજીને વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો હતો. નરોડા પાસે નાના ચિલોડા સર્કલથી ૨૨ કિલોમીટર લાંબા રોડ શોમાં આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રભારી ગોપાલ રાય સહિતના આગેવાનો અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જો કે, રોડ શો દરમ્યાન આપના કાર્યકર્તાની એક કારમાં અચાકન આગ લાગતાં થોડીવાર માટે ભારે દોડધામ મચી ગઈ હતી. જો કે, ફાયરબ્રિગેડને બોલાવી આગ બુઝાવાઈ હતી. આમ આદમી પાર્ટી દ્વારા યોજાયેલા રોડ શોની બપોરે દોઢેક વાગ્યાની આસપાસ નરોડા નાના ચિલોડા સર્કલથી શરૂઆત થઈ હતી, જે નરોડા પાડિયા, ઓઢવ સોનીની ચાલી, નાગરવેલ હનુમાન, સારંગપુર ચાર રસ્તા, આસ્ટોડિયા, શાહઆલમ ચાર રસ્તા, જમાલપુર ફ્રુટ માર્કેટ, પાલડી ચાર રસ્તા, જૂની નટરાજ સિનેમા થઈ રિવરફ્રન્ટ ખાતે સાંજે ૭-૦૦ વાગ્યે સમાપન થયું હતું. રોડ શોમાં આપના સંખ્યાબંધ કાર્યકરો અને અગ્રણીઓ બાઈક, સ્કુટર અને ફોર વ્હીલર સાથે જોડાયા હતા. આપના આગેવાનો અને કાર્યકરો દ્વારા સરકારની પ્રજા વિરોધી નીતિ અને નિર્ણયો પર ચાબખા મારતા બેનરો, પ્લે કાર્ડ પણ લોકોને દર્શાવી જાગૃત કરાયા હતા. આમ આદમી પાર્ટીના આવતીકાલના રોડ શોને લઈ શહેર પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા અને સલામતીની પણ કડક વ્યવસ્થા કરાઈ હતી. રોડ શો ના સમગ્ર રૂટ પર પૂરતા પ્રમાણમાં સુરક્ષા જવાનો અને પોલીસ કર્મચારીઓને તૈનાત કરાયા હતા. જો કે, આજે આપના રોડ શો દરમ્યાન એક કાર્યકર્તાની કારમાં અચાનક આગ લાગતાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

# જન વિકલ્પ મોરચાને ત્રસ્ત પ્રજાનું સમર્થન : શંકરસિંહ

અમદાવાદ, તા.૨

જન વિકલ્પ મોરચાના પ્રણેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતભરમાં તેમની યાત્રાના ભાગરૂપે આજે ૨જી ઓક્ટોબરના રોજ ગાંધી જયંતી નિમિત્ત ઐતિહાસિક દાંડીની દાંડીની પાવન તીર્થ ભૂમિની મુલાકાત લીધી હતી. દાંડી ખાતે તેમણે જણાવ્યું હતું કે, ગરવી ગુજરાતના સપુત, સાબરમતીના સંત તથા વિશ્વભરમાં સત્ય અને અહિંસાનો પાવન સંદેશ ફેલાવનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી પ્રસંગે દાંડી તીર્થની પાવન ભૂમિ પર ચપટી ધૂળ માથે ચડાવીને અમે પ્રતિજ્ઞા લઈએ છીએ કે આપના આશીર્વાદ તથા આપના ચિંધેલા આદર્શોને અનુસરીને અમે ગુજરાતની પ્રજાને નવી દિશા, નવો વિકલ્પ પુરો પાડવા સંકલ્પબંધ છીએ.

તેમણે ઉમેર્યું હતું કે, વ્હાલા બાપુ ભારે હૈયે અમે આપના ચરણે અને શરણે આવી દેશ અને ગરવી ગુજરાતની વણસી ગયેલી રાજકીય અવદશાના ઉકેલ સારુ આપના આશીર્વાદ માંગીએ છીએ અને ગુજરાતથી આ નવતર સત્યના પ્રયોગોનો પ્રારંભ કરીએ છીએ અને સર્વ જન સુખાયનો મૂળમંત્ર કેન્દ્રસ્થાને રાખી પ્રજાના હિત માટે કામ કરીશું. ગાંધીજીએ માત્ર એક ચપટી મીઠું ઉપાડ્યું હતું અને જાણે કે અંગ્રેજોની દમનકારી હુકુમતના મૂળીયા ઉપડી ગયા તેવા પ્રચંડ પડધા પડ્યા હતા. સત્યાગ્રહ, સત્ય અને અહિંસાના માર્ગ પર સાબરમતીના સંતે આઝાદીની લડત લડીને દેશને ગુલામીને બેડીઓથી મુક્ત કરાવ્યો હતો. આ મહામાનવ બાપુ ને આજે દાંડી ખાતે વંદન કરીને ગુજરાતમાં પ્રવર્તી રહેલી રાજકીય અવદશામાંથી અંતિમ શ્વાસ સુધી લડવા માટેની પ્રતિજ્ઞા પણ શંકરસિંહ વાઘેલાની અગવાઈમાં જન વિકલ્પના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત સ્થાનિક અગ્રણીઓએ લીધી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે જયારે ગાંધીજીએ લડત શરૂ કરી ત્યારે તેમણે કોઈ પક્ષ સ્થાપ્યો ન હતો અને માત્ર ૮૦ લોકો જ તેમના અભિયાનમાં જોડાયા હતા. આમ છતાં પ્રજાના વિશાળ વર્ગમાં તેનો અંડર કરંટ જોવા મળ્યો અને એક ચિનગારીએ દેશભરમાં આઝાદી માટે જાગૃતિ લાવી દીધી હતી. તેવી જ રીતે જન વિકલ્પ મોરચા દ્વારા પ્રજાને પ્રયોગ દ્વારા લોકશાહીની સ્થાપના કરવામાં મારા પાંચ દાયકાના અનુભવોને આધારે જન વિશ્વાસ થકી જન સરકાર બનાવવા લોકોને આહવાન કરું છું.




## પાલનપુરમાં કૉંગ્રેસ દ્વારા બાપુને પુષ્પાંજલિ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની કૉંગ્રેસ દ્વારા પણ ઉજવણી કરાઈ હતી. પાલનપુર ખાતે જિલ્લા કૉંગ્રેસ કાર્યાલયમાં મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પી તેઓને ભાવભીના શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા. આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ સહિતના તેમના ટેકેદારોની સૂચક ગેરહાજરી ચર્ચાની એરણે ચડી હતી.

### અંધાધૂંધ ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૨માં માળેથી ગોળીબારની શરૂઆત કરી હતી જેથી અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. સોશિયલ મિડિયા ઉપર વિડિયો વાયરલ કરવામાં આવ્યા છે જેમાં દહેશતપૂર્ણ વાતાવરણમાં રહેલા લોકોને જોઈ શકાય છે. ઘાયલ થયેલા લોકોને તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસ જવાનો મોટી સંખ્યામાં તૈનાત કરી દેવામાં આવ્યા છે. યુનિવર્સિટી મેડિકલ સેન્ટર હોસ્પિટલના પ્રવક્તાના કહેવા મુજબ અનેક ઘાયલોની હાલત ગંભીર બનેલી છે. તમામને ગોળીઓ વાગી છે. સાક્ષીઓનું કહેવું છે કે, સંગીત કાર્યક્રમના સ્થળ પર ગોળીબાર કરવામાં આવ્યા બાદ લોકોમાં વ્યાપક દહેશત દેખાઈ હતી. મોટી સંખ્યામાં લોકો નજીકના ટ્રોપીકાના કસીનોના ગ્રાઉન્ડ ઉપર એકત્રિત થયા હતા. જાણકાર લોકો અને સાક્ષીઓનું કહેવું છે કે, કસીનોમાં જે જગ્યાએ ગોળીબાર કરવામાં આવ્યો હતો ત્યાં પોલીસની ટીમ મોટાપાયે સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. હુમલાખોરને લઈને હજુ પણ સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. કોન્સર્ટ દરમિયાન બનેલા આ બનાવથી અમેરિકા હચમચી ઉઠ્યું છે. લાસવેગાસ પોલીસનું કહેવું છે કે, ફરજ ઉપર રહેલા અધિકારીઓને પણ ઈજા થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે, આ મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. બ્લડ ડોનેટ કરવા ઈચ્છુક લોકોને પણ જાણ કરવામાં આવી છે. મોતનો આંકડો હજુ પણ વધવાની દહેશત પ્રવર્તી રહી છે.

અમેરિકાના ઈતિહાસમાં સૌથી ખૌફનાક સામૂહિક હત્યાકાંડનો આ મામલો સપાટી ઉપર આવ્યો છે. ગયા વર્ષે ઓરલાન્ડો નાઈટ ક્લબમાં આવી જ રીતે અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં ૪૯ના મોત થયા હતા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ બનાવ ગે નાઈટ ક્લબની અંદર કરવામાં આવ્યો હતો. ૨૯ વર્ષીય ઓમર સાદીક્કી માટિન નામના શખ્સે ૧૨મી જૂન ૨૦૧૬ના દિવસે ઓરલાન્ડોમાં ગે નાઈટ ક્લબની અંદર ઘુસી જઈને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ક્લબમાં બાનમાં પકડી લેવામાં આવેલા લોકોને છોડાવવાના પ્રયાસ દરમિયાન આ શખ્સને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૨૦૦૭માં ૨૩ વર્ષીય એક વિદ્યાર્થીએ અંધાધૂંધ ગોળીબાર કરીને ૩૨ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. અમેરિકામાં આ પ્રકારના બનાવો હંમેશા બનતા રહ્યા છે. આના માટે જુદા જુદા કારણો પણ સપાટીઉપર આવતા રહ્યા છે.

### ભીષણ ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિગવાર સેક્ટરમાં આજે ભીષણ ગોળીબાર કર્યો હતો. અંકુશરેખાની નજીક ૧૨૦એમએમ મોર્ટાર ઝીંકવામાં આવ્યા હતા. પાકિસ્તાની જવાનોએ પુછ સેક્ટરમાં નિવાસી વિસ્તારોમાં ગોળીબાર કરતા લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. આ ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા હતા અને આઠથી વધારે લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. મળેલી માહિતી મુજબ પુછના કેરિ માલતી અને દિગવર સેક્ટરમાં આજે સવારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની ગોળીબાર દરમિયાન અંકુશ રેખાની પાસે ૧૨૦ એમએમ મોર્ટારનો મારો ચલાવવામાં આવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે પાકિસ્તાની સેના દ્વારા છેલ્લા કેટલાક દિવસથી જમ્મુ કાશ્મીર સ્થિત આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા અરણિયા સેક્ટરમાં તમામ વિસ્તારોમાં ગોળીબાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાનના ગોળીબારના કારણે એકબાજુ સરહદ સાથે જોડાયેલા ગામોમાં રહેતા લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. મોટી સંખ્યામાં લોકોને રાહત કેમ્પમાં પણ ખસેડી દેવાની ફરજ પડી છે. ગોળીબારના કારણે મોટી સંખ્યામાં પશુઓના મોત થયા છે. ભારતીય સરહદમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના હેતુસર સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ત્રાસવાદીઓ ભારતમાં મોટા હુમલા કરી શકે તે માટે આ ઘુસણખોરોને ઘુસાડી દેવાના પ્રયાસ અવિરતરીતે પાકિસ્તાન દ્વારા કરવામાં આવે છે. હાલમાં જમ્મુ કાશ્મીરમાં મોટા અનેક ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારીને ત્રાસવાદીઓની કમર તોડી નાંખવામાં આવી છે.

### ટેરર ફંડિંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફંડ અને નાણાં એકત્રિત કર્યા હતા. આ ઉપરાંત ધરપકડ કરવામાં આવેલા એક શખ્સના આવાસ પર પાડવામાં આવેલા દરોડા દરમિયાન એનઆઈએને કેટલાક એવા નક્કર પુરાવા પણ મળી ગયા છે જે હવાલા મારફતે પાકિસ્તાન સ્થિત સોર્સ પાસેથી હુરિયત નેતા સુધી પહોંચાડી દેવામાં આવતા હતા. માનવામાં આવે છે કે કોર્ટમાં આ તમામ દસ્તાવેજ હુરિયતના નેતાઓનો પર્દાફાશ કરવા માટે પુરતા રહેશે. હુરિયતના એક ટોપ નેતાના નજીકીના સાથી સહિત પાંચ લોકોને મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન નોંધાવવા માટે મનાવી લેવામાં આવ્યા છે. આ નિવેદન અને જુબાનીથી આ બાબત સાબિત થઈ જશે કે હુરિયતના નેતાઓ પાકિસ્તાનથી ફંડ મેળવીને ખીણમાં હિંસાને ભડકાવવા માટેની ગતિવિધીમાં સામેલ હતા. ફંડનો ઉપયોગ ખતરનાક ગતિવિધી માટે કરવામાં આવી રહ્યો હતો. આમાં દિલ્હીમાં સ્થિત પાકિસ્તાનના દુતાવાસની ભૂમિકા પણ ઉપયોગી હોવાની વિગત સપાટી પર આવી રહી છે.

### રણશિંગૂ ફુંકશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેલા પ્રયાસો અંગે વાત પણ કરી હતી. અગાઉ તેઓએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી વીરભદ્રસિંહ અને નડ્ડાને પ્રોજેક્ટના સ્ટેટસના સંદર્ભમાં માહિતી મેળવવા પત્રો લખી ચુક્યા છે. વિલંબના લીધે ઠાકુરે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના પિતા ગયા સપ્તાહમાં જ કહી ચુક્યા છે કે, પાર્ટીને હિમાચલ એક નાનકડા રાજ્ય તરીકે હોવાથી મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત કરવી જોઈએ. લોકો જરૂરના સમયમાં કોનો સંપર્ક કરી શકે છે તે બાબત જાણવા માટે ઉત્સુક છે. ભાજપના અન્ય વરિષ્ઠ નેતા શાંતાકુમાર પણ સ્પર્ધામાં હોવાનું જાણવા મળી રહ્યું છે. કોંગ્રેસ પાર્ટીમાં પણ આવી જ સ્થિતિ દેખાઈ રહી છે.

### આખરે મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તારીખે તેમની યાત્રા માટે મંજુરી આપી દીધી છે. ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા રાજ બબ્બરના કહેવા મુજબ કાર્યક્રમમાં ફેરફાર કરવા રાહુલને અપીલ કરીને ભાજપ સરકાર તેની દહેશતને દર્શાવી ચુકી છે. ભાજપના વડા અમિત શાહ અને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની અને નીતિન ગડકરીની યાત્રાને લઈને ભાજપ સરકાર તૈયારી કરી રહી છે. ભાજપને દહેશત હતી કે, રાહુલ ગાંધીની યાત્રાથી ભાજપના નેતાઓની યાત્રા પર ઓછુ ધ્યાન અપાશે.

### જનરક્ષા યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રીના વતન જિલ્લા તરીકે છે. હિંસા ઉપર ઉતરેલા લોકોને રાજ્ય સરકારનું સમર્થન મળી રહ્યું છે. આજ કારણસર ભાજપ જન રક્ષા યાત્રાની શરૂઆત મુખ્યમંત્રીના ગૃહ જિલ્લામાંથી કરવામાં આવી રહી છે. પાર્ટીના નેતાઓનું કહેવું છે કે, કેરળમાં છેલ્લી ચૂંટણીમાં તેની મત ટકાવારી ૧૫ ટકા સુધી પહોંચી ચુકી છે.

### બેલેટ પેપરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવા સંબંધિત કલેક્ટરોને સૂચનાઓ આપી હોવાનુ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે હાર્ડકોપી અને ઓનલાઈન મતદારયાદીમાં ક્યાંય પણ કોઈપણ પ્રકારની ક્ષતિ ના રહે તે જોવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત પંચ દ્વારા આચારસંહિતના અમલ માટે જે જે જુદી જુદી કમિટીઓ બનાવવાની છે તેની રચના કરી નામ, હોદો, મોબાઈલ નંબર સહિતની વિગતો મોકલી આપવા જણાવાયુ છે.

### જડબેસલાક બંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના પગલે આજે પેથાપુરમાં સજજડ બંધ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન ગામમાં બંધની અસર વચ્ચે સુનકાર જોવા મળ્યો હતો. પ્રત્યેક નાગરિકો બંધના એલાનમાં જોડાયા હતા. જેના લીધે પેથાપુરમાં બંધનુ એલાન સફળ રહયુ હતુ. જયારે આ મામલે પેથાપુર એસ ટી બસ પેસેન્જર એસોસિએશનના પ્રમુખ કે સી ડાભીએ પણ રજુઆતમાં જણાંવ્યા મુજબ પેથાપુરના ગ્રામજનો દ્વારા અગાઉ આ મામલે અનેકવાર કલેકટર તેમજ મુખ્યમંત્રીને પણ રજુઆત કરવામાં આવી છે. એસ ટી નો કન્ટ્રોલ પોઈન્ટ કાર્યરત કરવાની માંગણી પણ મુખ્ય છે. જયારે આ માંગણીને અનુલક્ષી ગ્રામજનો દ્વારા પેથાપુર બંધનુ એલાન રાખવામાં આવ્યુ હતુ.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેતાએ ... હવે તો છોડો..!!''

''બધા જ નેતાઓ અને બધા જ પક્ષો ગુજરાતની પરંપરાને જાળવવા... ગુજરાતની અસ્મિતાને જાળવવા... અને ગુજરાતના સેવા-સંસ્કારને જાળવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરે..! ગાળાગાળી બંધ કરી...વિકાસ અને કલ્યાણના મુદ્દા ઉપર જાહેર ચર્ચા કરે..! એ જ ગુજરાતની વણલખાયેલ આચારસંહિતા છે..!!''